


## અંબાજી ૧૦૮ એમ્બ્યુલન્સની ઈમાનદારીને સલામ

યાત્રાધામ અંબાજી નજીક પાન્સા ગામની સીમમાં અંબાજી તરફ આવી રહેલી એક કાર ઝાડ સાથે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં પાલનપુરમાં મારબલનો વ્યવસાય કરતા નરેશભાઈ પટેલનું મોત નિપજેલ અને સુરેશભાઈ પટેલને ગંભીર ઈજાઓ થતા અંબાજીની ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા તેમને અંબાજીની કોટેજ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જોકે આ બનાવ દરમિયાન મૃત પામેલા વેપારીના રૂપિયા ૫ લાખ વેરનછેરન થઈ ગયેલ. જે અંબાજી ૧૦૮ એમ્બ્યુલન્સના પાઈલટ સંજય બ્રહ્મભટ્ટ અને ઈ.એમ.ટી. અલકા કંકોડીયાએ ભેગા કરીને મૃતક વેપારીના પરીજનોને પરત કરી માનવતાનો દાખલો બેસાડ્યો હતો. જોકે તેમને માનવતાને લઈ સમગ્ર પંથકમાં આ બન્ને વ્યક્તીઓ માટે રૂપીયા ૫ લાખ પરત આપી માનવતા બતાવવા બદલ આભારની છડી વર્ષી હતી.

# પ્રાંતિજમાં પ્રમુખ-ઉપપ્રમુખ માટે ઉમેદવારી ફોર્મ ભરાયા

પ્રાંતિજ, તા.૨૧

પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયતની ચુંટણી બાદ ૨૦ બેઠકોમાંથી ૧૨ બેઠકો કોંગ્રેસના ફાળે જતા અને પ્રમુખ માટેની પહેલાથી જ એસ.ટી. સીટ જાહેર થતાં ખાલી ઔપચારિક રીતે તાલુકા પંચાયતમા ચુંટણી અધિકારી ટી.કે. વાઘેલા સમક્ષ ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે ચુંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને ભાજપ-કોંગ્રેસના ચુંટાયેલા સભ્યોમાંથી તાલુકા પ્રમુખ તથા ઉપપ્રમુખ માટેના ફોર્મ તા. ૨૧-૧૨-૨૦૧૫ના રોજ ચુંટણી અધિકારી ટી.કે.વાઘેલાને ભરીને આપવામાં આવ્યા હતા જેમાં કોંગ્રેસમાંથી રાઠોડ દક્ષાબેન સુરેશભાઈ પ્રમુખ માટે અને ઉપપ્રમુખ માટે પટેલ વિષ્ણુભાઈ વિઠ્ઠલભાઈ તથા ભાજપમાંથી પ્રમુખ માટે મંજુલાબેન રાજેશભાઈ તથા ઉપપ્રમુખ માટે રાઠોડ ગાંડાભાઈ કેશરીસિંહ આમ બંને પક્ષમાંથી બે બે ફોર્મ ભરવામાં આવ્યા છે જયારે આજે ચુંટણી અધિકારીની હાજરીમાં વિધિસરની પ્રમુખ-ઉપપ્રમુખની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.





પ.પૂ. બકુલ મહારાજના વ્યાસપીઠે સેક્ટર-૨૭ ખાતે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

### ઉત્તર ભારત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબના અમૃતસરમાં પણ ૧.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. તાપમાન સામાન્ય કરતા ચાર ડિગ્રી નીચે પહોંચી ગયું છે. લુધિયાણા અને પટિયાલામાં પણ લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. રાત્રિ ગાળા દરમિયાન સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ધુમ્મસની સ્થિતિ હાલમાં યથાવત રહી શકે છે. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ લોકો ઠંડીમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ચંદીગઢમાં સિઝનની સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. અહીં ૪.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછું છે. નારનોલમાં પણ આવી જ સ્થિતિ રહી હતી.

### નોલેજ ઈકોનોમી .... ● ત્રીજા પાનાનું ચાલુ

એનાલિસીસ રજૂ કરતા રાજનેતાઓને દેશની નબળાઈ ગણાવ્યા હતા. આ સાથે તેમણે ૨૦૨૦માં દેશના ૬૫ ટકા યુવાનો ૩૫ વર્ષની નિચેના હશેતે જણાવતા નોલેજ ઈકોનોમીને ભારત માટે સૌથી મોટી તક ગણાવી હતી. નવી જનરેશન એપલ અને બ્લેકબેરી વચ્ચે ઉછરી રહી છે. અને દેશમાં ટોઈલેટ કરતા મોબાઈલની સંખ્યા વધુ છે તે જણાવતા તેમણે કહ્યું હતું કે જો ગુજરાતમાંથી પાંચ ઉદ્યોગપતિઓનું રોકાણ હટાવી દેવામાં આવે તો રાજ્યનો જીડીપી બિહાર કરતા પણ બદતર છે. અજય ઉમટે કલ્ચર ઓફ ડિબેટ ખતમ થઈ રહ્યુ હોવાને દેશ માટે ખતરનાક હોવાનુ ગણાવતા રાજકીય પક્ષો પર લોકશાહીની સંસ્થાઓના દુરૂપયોગનો આક્ષેપ કર્યો હતો.

જાણીતા કચારલેખક જય વસાવડાએ 'ઈન્ટરનેટ અટકે ત્યારે' વિષય પર બોલતા ભય વ્યક્ત કર્યો હતો કે આપણે જેમ જેમ વાયર્ડ થતા જઈએ છીએ તેમ તેમ વીઅર્ડ જોટકે ભીરૂ થતા થઈએ છીએ તેમ જણાવ્યું હતુ. ઈન્ટરનેટને ભારતમાં દારૂ પીધેલા વાંદરા સાથે સરખાવતા કહ્યું કે પહેલા આંખ બંધ કરીએ ત્યારે ઊંઘ આવતી હતી અને હવે નેટ બંધ થાય ત્યારે ઊંઘ આવે છે. બાળકો જન્મતાની સાથે મા-બાપને ઓળખે તે પહેલા મોબાઈલને ઓળખે છે. તેવી ટકોર સાથે ઈન્ટરનેટને સીમાઓ તોડવાનું માધ્યમ ગણાવ્યું હતું. ઈન્ટરનેટને કારણે ગૃહિણીઓને સ્વાતંત્ર્ય મળ્યુ હોવાનો દાવો કરતા જય વસાવડાએ ઈન્ટનેટ પરના પ્રતિબંધ કે સેન્શરશીપ બાબતે અણગમો વ્યક્ત કર્યો હતો. જો કે સોશ્યલ મિડિયા પર જુઠ્ઠાણાના અતિરેકને જોખમરૂપ ગણાવતા તેમણે ભય વ્યક્ત કર્યો હતો કે ભવિષ્યમાં ઓપિનિયન આપનારા ઘણા હશે પરંતુ કોઈ ગાંધી કે કૃષ્ણ જેવા ઓપિનિયન મેકર નહી હોય. તેમણે જુઠ્ઠાણાઓથી દેશ મૂરખ બની રહ્યો હોવાનું જણાવતા કહ્યું હતું કે વર્ષોની તપસ્યાથી પ્રસિદ્ધિ મેળવનારને બદલે તેને તમાચો મારનાર એક જ મિનિટમાં પ્રસિદ્ધી મેળવે છે.

ટેલિવિઝન, અખબાર અને ફિલ્મ વિષયે બોલતા પોતાના વ્યક્તવ્યમાં સંજય છેલે કહ્યુ હતુ કે મૂંગી પ્રજા અને બ્હેરી સરકાર વચ્ચે ઈસારાની ભાષાનું કામ અખબારે કરવાનું છે. સિનેમાને સાહિત્યનું નવુ માધ્યમ જણાવતા સાહિત્યને વૈભવ અને સિનેમાને જરૂરિયાત કહ્યા હતા. અખબારને દિકરી, ટીવીને ગૃહિણી અને ફિલ્મને પ્રેમિકા સાથે સરખાવતા તેમણે ટકોર કરી હતી કે ટીવીના માધ્યમે એવી અસર કરી છે કે મા-બાપ સાથેની વાતચીત પણ હવે પાંચ મિનિટથી વધુ લાંબી ચાલતી નથી. અખબાર સંઘ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શ્રોતાઓએ ત્રણેય વક્તાઓને મનભરીને માણ્યા હતા.

### ક્ષણના ચણીબોર (૪ પાનાનું ચાલુ...)

કહે કવિ સુણો રાય
સર્વ કવિ ટકે શેર
એવું આ સભામાં હોય
એ તો કાળો કેર છે.
ખાજા ભાજી હતા
એક શહેરમાં ટકે શેર
આજે જાણ્યું એવું બીજું
આપનું આ શહેર છે !

કવીશ્વરે શિઘ્ર આ રાજવીને 'પુરી એક અંધેરીને ગંડુરાજા' યાદ કરાવી દીધું ! કવિ દલપતરામના ગુરુ દેવાનંદસ્વામી ભૂજની આ ભાતીગળ પાઠશાળાના સંસ્કાર બ્રહ્માનંદસ્વામી મારફત પામ્યા હતા. મહારાઓ લખપતજીએ સુચારુ ઢંગથી આ પાઠશાળાને રાજ્યની નાણાકીય સહાય નિરંતર મળતી રહે તેવો પ્રબંધ કર્યો હતો. આ બાબત દર્શાવે છે કે રાજવીની સાહિત્ય પરત્વેની નિષ્ઠા ઘણી ઊંડી તથા મજબૂત હશે. મહારાજાએ આ પાઠશાળાની સ્થાપના કર્યા પછી અનેક પ્રદેશોમાં તેની વિજ્ઞપ્તિ જાહેર કરી હતી. ભિન્ન ભિન્ન પ્રદેશના સાહિત્ય ઉપાસકો અહીં આવીને જ્ઞાનપ્રાપ્તિ કરે તેવી મહેચ્છા કચ્છના ઉત્તરોત્તર રાજવીઓને રહી હતી. આ બધા વિદ્યા ઉપાસકોના રહેવા-જમવા ઈત્યાદિનો તમામ ખર્ચ રાજ્ય ભોગવતું હતું. શિક્ષાથીના દીક્ષાંત સમયે રાજ્ય તરફથી તેમનું સન્માન થતું અને યોગ્યતા અનુસાર ઈનામો અપાતા હતા. તેમના સન્માન થતા હતા. અનેક સમર્થ સર્જકોને તૈયાર કરનાર આ પાઠશાળા આપણા અતિતનું એક ઉજળું પૃષ્ઠ છે.

# આજથી શક્તિપીઠ પાવાગઢ પંચ ઉત્સવ

અમદાવાદ, તા.૨૧

ભારત વર્ષના બાવન શક્તિપીઠો પૈકીનું એક શક્તિપીઠ પંચમહા જિલ્લાના પાવાગઢ ખાતે આવેલું છે. પાવાગઢ આદ્યશક્તિમાં મહાકાળીનું મંદિર આવેલું છે. પાવાગઢ સ્થિતમાં મહાકાળીના દર્શાનાર્થે વર્ષે લાખો શ્રધ્ધાળુ અને ભાવિકો આવે છે. પરંતુ પાવાગઢ ડુંગર અને તળેટીમાં આવેલા ચાંપાનેર ખાતેના ઐતિહાસિક કલા વારસો અને સ્થાપત્યોથી લોકો હજુ પણ અજાણ છે. યુનેસ્કોએ ચાંપાનેરના ભવ્ય ઐતિહાસિક વારસાને વર્ષ ૨૦૦૪માં વિશ્વ વારસા સ્થળ તરીકે જાહેર કરી આ ભવ્ય વિરાસતને વિશ્વ પ્રસિદ્ધ કરી છે. ગુજરાત સહિત દેશભર અને વિશ્વના પ્રવાસીઓ પાવાગઢ સ્થિત મા મહાકાળીના દર્શન સાથે પાવાગઢ ચાંપાનેરનો ભવ્ય ઐતિહાસિક વારસો, કલા, સ્થાપત્યોને ઉજાગર કરવા રાજય સરકારના પ્રવાસન વિભાગ અને જિલ્લા પ્રશાસન, પંચમહાલ દ્વારા પાવાગઢ-ચાંપાનેર ખાતે તા.૨૩ ડિસેમ્બર થી તા.૨૭ ડિસેમ્બર-૨૦૧૫ દરમિયાન દિવસીય પંચ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે આદ્યશક્તિ મહાકાળીના દર્શન અને ઉપાસનાની





સાથે સમૃદ્ધ ઈતિહાસ વારસાના દર્શનની પ્રવાસીઓને તક આપશે. પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૨૩ ડિસેમ્બર ૨૦૧૫નાં પાંચ દિવસોને મહોત્વના રૂપ ઉજવવાન નિર્ણય કર્યો છે. આખાય સાથે આ મહોત્સવ માણે તેવા ચતુરંગી ભાવ સાથે અહીં ઉજવણી થનાર છે. ઉજવણીના પાંચ દિવસો દરમિયાન પાવાગઢ ડુંગર અને તળેટીમાં આવેલા હિન્દુ મુસ્લિમ ઐતિહાસિક સ્થાપત્યોની મુલાકાત કરવામાં આવશે. યુવાનો અને સાહસિકા માટે ટ્રેકીંગ બાળકો માટે અમ્યુઝમેન્ટ પાર્ક, પંચમહાલના પારંપરિક ભાગીતળ સાંસ્કૃત્તિક કાર્યક્રમો સાથે કાફટ બજાર, દરરોજ સાંજ નામી



કલાકારોના કાર્યકમો જુદી જુદી થીમ આધારિત પેવેલીયન જેવું બધુ એક સ્થળે માણવા મળશે. અમદાવાદ, સૌરાષ્ટ્ર, કચ્છના ઉત્સ મહોત્સવ કરતાં કંઈક અલગ અનુભવ સહેલાણીઓને મળી રહે તેવા આકર્ષણો આ પંચ મહોત્સવમાં ઉમેરવામાં આવ્યા છે. એક સમયે ચાંપાનેર પાવાગઢ ગુજરાતની રાજધાની હતું તત્કાલીન સમયમાં તેની ભવ્ય જાહોજલાલી હતી. ફક્ત ભારતમાં જ નહ દુર સુદુરના દેશમાં તેની ખ્યાતી હતી. હિન્દુ,મુસ્લિમ,મરાઠા અને અંગ્રેજ શાસકોએ ચાંપાનેર પર શાસન કર્યું છે. પૃથ્વી રાજના વંશજ ચૌહાણ રાજપુતોએ ચાંપાનેરને પાટનગર બનાવી તેના વિકાસ માટે બંધાવેલી મોન્યુમેન્ટસ ત્યારબાદ મુસ્લિમ શાસક મહમ્મદ બેગડાએ બંધાવેલા મહેલો અને મસ્જીદોનું સ્થાપત્ય બેનમુન છે. યુનેસ્કોએ આ સ્થાપત્યોને વર્લ્ડ હેરીટેજમાં વર્ષ ૨૦૦૪માં સ્થાન આપીને આ સ્થાનને વિશ્વ પ્રસિદ્ધ કર્યું છે. વર્ષે લાખો શ્રદ્ધાળુઓ મા મહાકાળીના દર્શને આવે છે તો હજારો દેશ વિદેશના પર્યટકો ઉચ્ચ કક્ષાના આકીટેકને સમજવા આવે છે. મુસ્લિમ શાસકોએ બંધાવેલી મોન્યુમેન્ટસમાં હિન્દુ જૈન સ્થાપત્યનો સુભગ સમન્વય અહી જોવા મળે છે. પાવાગઢ ચાંપાનેર હિન્દુ જૈન અને મુસ્લિમ ધર્મોના ત્રિવેદી સંગમ જેવું છે. માતા મહાકાલીના મંદિર સાથે રૂદ્રાવતાર લકુલીશ મંદિર, જૈન મંદિરો અને મસ્જીદોને પોતાના ખોળે સમાવતું આ સ્થળ ધાર્મિક સાંસ્કૃતિ અને ઐતિહાસિકતાને પામવાનો રૂડો અવસર આવીને ઉભો છે. આવો આપણે સૌ આ ઓચ્છવને માણીએ અને રજાઓમાં યાત્રા સાથે સહેલ કરીએ. આ સ્થાપત્યો સહિત મધ્ય ગુજરાતના આ પૂર્વ પ્રદેશના નૈસર્ગિક વાતાવરણનો આસ્વાદ ધાર્મિક આસ્થા સાથે મેળવે તે માટે આ પંચ મહોત્સવ-૨૦૧૫નું આયોજના કરવામાં આવ્યું છે. જ્યાં લોકોને અહીંના પ્રદેશની જાણકારી મળે તેવા હેતુ છે. ઉપરાંત સ્થાનિક અર્થતંત્રને પણ પ્રવાસીઓના કારણે વેગ મળે તેવો હેતુ પણ છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખની આજે વરણી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા પંચાયત સહિત હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, પોશીના, તલોદ અને વિજયનગર તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયા બાદ મંગળવારે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હિંમતનગર ખાતે નવીન જિલ્લા પંચાયતમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને ૪.૦૦ કલાકે પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાશે. બીજી તરફ વિવિધ તાલુકા પંચાયત માટે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ દરમિયાન ભાજપ પાસેથી સત્તા આંચકી કોંગ્રેસે સત્તાનું સુકાન સંભાળી લીધા છે. ત્યારે સોમવારે ભાજપ તરફથી પ્રમુખ પદ માટે મહેન્દ્રસિંહ લાલસિંહ રહેવર, જ્યારે ઉપપ્રમુખ પદ માટે ગણપતભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યુ છે. બહુમતી ધરાવતા કોંગ્રેસ પક્ષ તરફથી વડાલી તાલુકાની મહોર જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલા ઉમેદવાર રાજેન્દ્રસિંહ કુંપાવતે પ્રમુખપદે, જ્યારે ઉપપ્રમુખ તરીકે નેતાભાઈ સોલંકીએ ઉમેદવારી કરી છે.

આ અંગે ચૂંટણી વિભાગના નાયબ મામલતદાર દલાભાઈ પરમારે જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૨૯, જ્યારે ભાજપના ૭ ઉમેદવારો ચૂંટાયા છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી માટે વિકાસ કમિશનર દ્વારા જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપને અધ્યાક્ષી અધિકારી તરીકે નિમણુંક કરાઈ છે. જે અંતર્ગત નવીન જિલ્લા પંચાયત ખાતે સોમવારે પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ઉમેદવારી કરવા ઈચ્છુક ચૂંટાયેલા સદસ્યો પાસેથી ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. મંગળવારે સાંજે ૪.૦૦ કલાકે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને મળનારી બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાશે. તેજ પ્રમાણે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખ માટેની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

### સર્વિસ ટેક્સમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાલી રહી છે. નામ જાહેર નહી કરવાની શરતે એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે વિસ્તૃત ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. તેમણે કહ્યુ છે કે સર્વિસ એકમાત્ર એવા ક્ષેત્ર તરીકે છે જેમાં રેટમાં વધારો કરવાની તક રહેલી છે. આગામી વર્ષે વૈશ્વિક તેલની કિંમતો કેવી સપાટી પર રહેશે તે બાબતને લઈને કોઇ વાત કરી શકાય નહી. આવી સ્થિતીમાં એક્સાઈઝ ડ્યુટીને લઈને દુવિધા રહે છે.વર્તમાન નાણાંકીય વર્ષમાં સરકારે સર્વિસ ટેક્સને ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સાથે સાથે સ્વચ્છ ભારત સેસ ૧૫ નવેમ્બરથી તમામ સર્વિસ પર ૦.૫ ટકાનો સેસ લાગુ કર્યો હતો. આગામી વર્ષે સર્વિસ ટેક્સમાં વધુ વધારો કરવામાં આવી શકે છે. સરકાર રેટમાં સુધારો કરવાની દિશામાં વિચારણા કરવામાં વ્યસ્ત છે.

જીએસટી માટે સ્ટાન્ડર્ડ રેટ ૧૬.૯ ટકાથી રાખીને ૧૮.૯ ટકા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત ભારત સેસને વર્તમાન ૦.૫ ટકાથી વધારીને નવી સપાટી પર લઈ જવામાં આવે તેવી શક્યતાછે. વધારાના નાણાં ઉભા કરવા માટે સરકારે નવેમ્બર ૨૦૧૪ બાદથી પેટ્રોલ અને ડિઝલ પર છ વખત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. ક્લીન એનર્જી સેસમાં વધારો કરવામાં આવ્યો છે. મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમના નેતૃત્વમાં કમિટિની રચના કરવામાં આવ્યા બાદ જુદા જુદા સૂચનો કરવામાં આવ્યા હતા. જેને ધ્યાનમાં લઈને વધારે પ્રમાણમાં મહેસુલી આવક ઉભી કરવા વધુ પગલાની જરૂર પડી શકે છે. એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા પણ રહેલી છે.

### સુપ્રીમનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુક્તિ ઉપર સ્ટે મુકવાની માંગ કરાઈ હતી.

ડીસીડબલ્યુના વડા તરીકે દાખલ કરવામાં આવેલી માલીવાલની અરજીને ફગાવતા સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, અમને કાયદાને અમલી રાખવાની ફરજ ડપી છે. બેંચે એવી રજૂઆત સાથે સહમતિ દર્શાવી ન હતી કે, કિશોર અપરાધી સામે રિફોર્મેશનની પ્રક્રિયાને આગળ વધારી શકાય છે. જુએનાઈલ કાયદા હેઠળ વધુ બે વર્ષના ગાળા સુધી તેને અટકાયતમાં રાખવાની રજૂઆત કરવામાં આવી હતી પરંતુ તેમની અરજીને ફગાવી દેવાઈ હતી. બેંચે ચુકાદો આપતા કહ્યું હતું કે, બંધારણની કલમ ૨૧ હેઠળ મંજુર કરવામાં આવેલા જીવનના અધિકારને કોઈની પાસેથી આંચકી લેવાનો અમને અધિકાર નથી. બેંચે એમ પણ કહ્યું હતું કે ડીસીડબલ્યુ દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દા યોગ્ય છે પરંતુ બંધારણમાં જે જોગવાઈ રહેલી છે તે ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, ડીસીડબલ્યુની ચિંતામાં સુપ્રીમ કોર્ટ સુર પુરાવે છે પરંતુ પ્રવર્તમાન કાયદા હેઠળ કોઈપણ કિશોર અપરાધીને ત્રણ વર્ષથી વધુ સમય સુધી અટકાયતમાં રાખી શકાય નહીં. જ્યારે આ અમાનવીય બન્યો ત્યારે કિશોર અપરાધીની વય ૧૮ વર્ષથી નીચેની હતી. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે પેરામેડિકલની વિદ્યાર્થીની ઉપર ચાલતી બસમાં સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ત્યારબાદ તેનું સિંગાપુરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. તિહાર જેલમાં છ અપરાધીઓ પૈકીનો એક મૃતહાલતમાં મળી આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે અન્ય ચાર અપરાધીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી જેને હાઈકોર્ટે પણ યોગ્ય ઠેરવી હતી. તેમની અપીલ હાલમાં સુપ્રીમ સમક્ષ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે અપીલને ફગાવી દીધા બાદ ડીસીડબલ્યુના વડા સ્વાતી માલીવાલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, દેશ માટે આ કાળો દિવસ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રાજ્યસભા દ્વારા દેશ સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે.

### સાઈકલ ટ્રેક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યા છે.ત્યારે સવારના સમયે આ પાર્ક જોગીંગ ટ્રેક પણ બની જાય છે. જયારે હવે સ્વર્ણિમ પાર્કમાં સાઈકલ ટ્રેક પણ એકટીવ થશે. સ્વર્ણિમ પાર્કના નિર્માણ દરમિયાન જ પાર્કમાં સાઈકલ ટ્રેક માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ પ્રોજેકટને અનુલક્ષી તંત્ર દ્વારા સાઈકલ ટ્રેકનો રૂટ દર્શાવતા સાઈન બોર્ડ લગાવી દેવાશે. ગુડા દ્વારા આગામી જાન્યુઆરી માસમાં શહેરમાં સાઈકલ ટ્રેકનો પ્રોજેકટ અમલી બનાવવા જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.આ માટે રૂ ૧૦ હજારની એક તેવી ૧૫૦ સાઈકલો ખરીદવામાં આવશે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના અભિગમ સાથે શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનાવાશે. જયારે આ અન્વયે સાઈકલ માટેના ૧૦ જેટલા સ્ટેન્ડ પણ બનાવાશે. જેમાં એસ ટી ડેપો,રેલ્વે સ્ટેશન,બાલોદ્યાન , પુનિત વન, સરિતા ઉદ્યાન, સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર સહીતના સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુડા દ્વારા આગામી દિવસોમાં સાઈકલના ભાડાનો દર પણ નક્કી કરવામાં આવશે.

**હેન્ડબેગ તૈયાર કરવા માટેના ભાવપત્રકની જાહેર નિવિદા**

માહિતી કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ થતાં વિવિધ પ્રકારના પ્રકાશનોના વિતરણ માટે ઉપયોગમાં લેવાની થતી જુદી જુદી સાઈઝ અને પ્રકારની હેન્ડબેગ તૈયાર કરવાના કામ માટે રસ ધરાવતી ગાંધીનગર / અમદાવાદ સ્થિત પેઢીઓ પાસેથી સીલબંધ કવરોમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ટેન્ડર જાહેરાત પ્રસિદ્ધ થયા તા. ૨૨-૧૨-૨૦૧૫ થી ૧૬-૧-૨૦૧૬ સુધી સમય : ૧૧.૦૦ થી ૧૩.૩૦ કચેરી કામકાજના દિવસો દરમિયાન હિસાબી શાખા, માહિતી કમિશનરની કચેરી, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી રૂ. ૫૦૦/- રોકડા ભરીને મળી શકશે.

**માહિતી/૨૧૧૫/૨૦૧૫/૧૬** **મેનેજર (માર્કેટીંગ)**

### જોશીની મુલાકાત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સહિતનાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. સંજય જોશી તોગડિયાનાં પુત્રનાં લગ્નમાં આપી નવદંપતીને આશિર્વાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સંજય જોશીના ગઈકાલે સવારે સવારે રેલ મારફતે અમદાવાદ પહોંચ્યા હતાં પરંતુ તે પહેલા પાલનપુર અને મહેસાણા રેલ્વે સ્ટેશન પર તેમનું વીએચપી, સંતો, ભાજપના કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશુભાઈ પટેલ સાથે સંજય જોશીની વાતચીતમાં કયા મુદ્દે ચર્ચા થઈ તે અંગે માહિતી મળી શકી નથી પરંતુ લંબાણ પૂર્વકની બેઠકમાં ગુજરાતની સ્થિતિ, સ્થાનિક ચૂંટણીના પરિણામ અને પાટીદાર આંદોલન મુદ્દે ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે.

### જુથબંધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધાવતા રાજકારણમાં એકદમ ચહલ-પહલ વધી જવા પામી હતી.

કોંગ્રેસ પક્ષે નિરીક્ષકોના અહેવાલને પગલે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની હાજરીમાં એક પછી એક સભ્યોને બોલાવી મત લેવાયા હતા. રાત્રે ૧૧.૩૦ કલાકે શ્રી રામાજી ઠાકોરનું નામ આખરી કરાયાની વાતો કોંગ્રેસના આંતરિક વર્તુળોમાંથી જાણવા મળી છે.

આ પછી આજે સવારે ૧૧ વાગે શ્રી રામાજી ઠાકોર આવીને ઉમેદવારી પત્ર લઈ ગયા હતા અને ૧૨.૫૦ મિનિટે તેમણે ઉમેદવારી પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યુ હતુ. ૧.૦૫ મિનિટે શ્રી ભરતભાઈ પટેલે ઉપપ્રમુખપદ માટેનું ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું.

કોંગ્રેસ પક્ષમાં ઉભી થયેલી મડાગાંઠને ઉકેલવા માટે કોંગીના નિરીક્ષકો મારતી ગાડીએ ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને બન્ને જૂથોને સમજાવવાનો પ્રયાસો હાથ ધર્યા છે. પરંતુ બન્ને જૂથો વચ્ચે સમજૂતી થઈ શકી નથી. કોંગ્રેસમાં પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને પદ માટે કલોલમાંથી જ બન્ને ઉમેદવારોની પસંદગી કરવામાં આવતાં કોંગી સભ્યોમાં કચવાટની લાગણી વધુ તીવ્ર બની છે.

ગાંધીનગરમાંથી ૯ અને માણસામાંથી ૬ બેઠકો કોંગ્રેસને મળી છે છતાં પણ અવગણના કરવામાં આવી હોવાની લાગણી સભ્યોમાં વધુ જોવા મળી રહી છે. ગાંધીનગર અને કલોલ તાલુકાએ એક-એક બેઠક ગુમાવી છે જ્યારે માણસામાં બધી બેઠક મળી હોવા છતાં તેમની કોઈ રજુઆતને પણ મોવડીમંડળે ધ્યાને ન લીધી તે વાત સૌને આશ્ચર્ય પમાડી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે હવે સમિતિઓમાં આ બે તાલુકાઓને પુરો ન્યાય અપાશે તેવી હૈયાધારણ આપવામાં આવી રહી છે પરંતુ સભ્યો હવે તડાપડ મૂડમાં હોવાનું અસંતુષ્ટ જૂથના સૂત્રોનું કહેવું છે.

જો કે બીજા તરફ જિલ્લા કોંગ્રેસના સૂત્રોનું કહેવુ છે કે કાલે મતદાન પૂર્વે ઘીના ઠામમાં ઘી પડી જશે અને બધુ સમુસૂતરૂ પાર ઉતરી જશે. બળવો કરી ગયેલા સભ્યોને એક પછી એક વ્યક્તીગત સંપર્ક કરી કોંગ્રેસની છાવણીમાં લાવવાના પ્રયાસો ચાલુ હોવાનું પણ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમ્યાન આજે મોડી સાંજે ફોર્મ પરત ખેંચવાની મુદતમાં ગણત્રીની મિનિટો બાકી હતી ત્યારે ભાજપે પ્રમુખપદ માટેની ઉમેદવારી પાછી ખેંચી છે તો ઉપપ્રમુખપદ માટે શ્રી જયેશ ચૌધરીની ઉમેદવારી યથાવત રાખી છે.

આમ જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ માટે કોંગ્રેસના બે ઉમેદવારો વચ્ચે અને ઉપપ્રમુખપદ માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે જંગ ખેલાશે.

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
**બ્લોક નં. ૧૭, ૪થો માળ,**
**ઉદ્યોગ ભવન, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ**

પેનડ્રાઈવ, ખાદી પેપર બેગ, ડીવીડી અને સીડી તૈયાર કરવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર દરખાસાત તા. ૩૦-૧૨-૨૦૧૫ બપોરના ૧૨.૦૦ કલાક સુધીની સમયમર્યાદામાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તેમજ વધુ માહિતી નિગમની વેબસાઈટ www.gujarattourism.com પરથી ઉપલબ્ધ થઈ શકશે.

**મેનેજર (માર્કેટીંગ)**